# ઝરુખડે ઝબૂકતી હજાર તારલી, અમાસનોય અંધકાર કાયમી નથી!

**સ્પંદન**

**નિરંજન યાજ્ઞિક**

કેશવ ધીમે ધીમે બડી બજારમાં ચાલતો ઘર તરફ વળ્યો. એના પગ તો ઘર તરફ જતા હતા પણ એનું મન બસસ્ટેન્ડ પાસે આવેલ દેશી શરાબની દુકાન તરફ વળવા ઝગડતું હતું. પગ અને મન વચ્ચેના ઝગડામાં અંતે મન જીત્યું અને એ દેશી શરાબની દુકાન તરફ વળ્યો.

બડી બજાર, એ છત્તીસગઢના ચિરિમિરી ગામનું સરસ બજાર છે. ચિરિમિરી ગામ પર્વત પર છે ને એનાં નજીક નજીકનાં શિખરો પર બીજા કસબાઓનાં બજારો પણ છે જેવાં કે, છોટી બજાર, ગોધરીપારા, હલ્દીબાડી, કોરિયા, ડોમનહિલ વગેરે. પર્વતની નીચેની અગિયાર કોલસાની ખાણોમાંથી એકમાં કેશવ લેબર હતો. પગાર સારો હતો પણ એનો મોટાભાગનો પગાર દારૂ પીવામાં જતો એટલે એ જેવો ઘેર આવે કે તરત કકકળાટ શરૂ થઈ જતો. ઘર પણ એક રૂમનું હતું એનું ને વસનારા ત્રણ જણ - કેશવ, એની પત્ની ભાવના અને એનો દીકરો દિનેશ. એનું નામ તો હતું દિનેશ પણ ગામ આખ્ખું એને દિનુ તરીકે જ ઓળખતું. દિનેશ બડી બજારમાં નીકળે એટલે મિત્રો એની સાથે જોડાઈ જ જાય. આમ પણ દિનેશ હતો એવો રૂપાળો કે પરાણે વહાલો લાગે. મિત્રો સાથે એ શાળામાં પહેલા ધોરણમાં ભણવા જતો પણ એનું ધ્યાન તો ચિરિમિરી પર્વત પરથી નીચે દેખાતાં નયનરમ્ય દ્રશ્યો પર વધારે રહેતું. એના ઘરની સામે દેખાતો બરતુંગા પહાડ, આજુબાજુનાં જંગલો, નીચે ખળખળાટ વહેતો હરબિન્દો તુર્રો....આ બધું એને ગમતું. એને નહોતી ગમતી બે વસ્તુઓ હતીઃ એક તો એના પપ્પા લગભગ રોજ દારૂ પીને ઘેર આવતા એ અને બીજું, એની મમ્મીને ઘર ચલાવવા માટે દૂધ વેચવાનો વ્યવસાય કરવો પડતો. ભાવના પાસે જૂની સાઈકલ હતી. એ ચિરિમિરી પર્વતની નીચે, ચનવારીડાંડ ગામના રસ્તે આવતા નજીકના ખડગવા ગામ દૂધ લેવા જતી ને નજીક આવેલા મહામાયા માતાના મંદિરે જઈ, માતાજીના દર્શન કરીને ફટાફટ દૂધનું કેન લેવા જતી.

મહામાયા માતાનું મંદિર ચિરિમિરિના લોકોની ને આજુબાજુનાં ગામોના લોકોની આસ્થાનું કેન્દ્ર હતું. લોકો વાતો કરતા કે, માતાજીમાં સત છે. એમની બાધા રાખો એટલે ગમે તેવા મુશ્કેલ કામ પણ સરળતાથી પાર પડી જાય. દૂધના કેન સાઈકલની બન્ને બાજુ ભરાવીને ભાવના મહામહેનતે પર્વત ચડીને ચિરિમિરિ પહોંચતી અને લોકોને દૂધ પહોંચાડતી. આ કામમાં એને પૈસા મળતા, જે ઘર માટે ટેકારૂપ હતા અને આ પૈસામાંથી ભાવના બચત પણ કરતી હતી. પોતાની બચત એ ચોખાના ડબ્બામાં સંતાડીને રાખતી, જેથી કેશવ દારૂ પીવામાં વાપરી ન નાખે.

"ભાવના," એક સવારે કેશવે ચા પીતી વખતે કહ્યું, "એકાદ વખત કટહલનું શાક તો બનાવ."

"પપ્પા," બાજુમાં બેઠેલો દિનુ બોલ્યો, "કટહલનાં બે ઝાડ તો હનુમાન મંદિરની સામેના સાવિત્રીમાના ઘરના ફળિયામાં છે. હું રોજ બહારથી કટહલ લટકતા જોઉં છું. કાલે એક તોડી લાવું?"

"બેટા," કેશવ ભીના અવાજે બોલ્યો, "સાવિત્રીમાને પૂછીને લાવજે. તને કદાચ ખબર નહીં હોય પણ મારા બાપાના બાપાને કાપડનો મોટો વ્યવસાય અહીં હતો. જબરી દુકાન હતી ને મોટી ગરાગી પણ હતી. ધૂમ આવક હાતી. એમણે એ ઘર, જ્યાં સાવિત્રીમા રહે છે એ બનાવડાવેલું ને એ ત્યાં જ રહેતા હતા પણ એ બીમાર પડ્યા પછી મારા બન્ને કાકાઓએ ધંધો સંભાળ્યો ને ધીમે ધીમે ધંધો પડી ભાંગ્યો. મારા બાપાના બાપા તો અવસાન પામ્યા ને મારા કાકાઓ મકાન સાવિત્રીમાને વેચીને ચિરિમિરિ છોડીને કલકત્તા ચાલ્યા ગયા."

"કેવું સરસ મકાન છે પપ્પા!" દિનુ બોલ્યો, "હું કાલે જઈને કટહલ લઈ આવીશ ને ઘર પણ અંદરથી જોતો આવીશ."

બીજા દિવસે એ સાવિત્રીમાને ઘેર ગયો. સાવિત્રીમાએ હસીને દિનુને આવકાર્યો ને મકાન બતાવ્યું. સરસ કટહલ તોડીને આપ્યું.

બીજા દિવસે કટહલનું શાક બન્યું ને કેશવ ખુશ થઈ ગયો. સાંજના એ ઘેર આવ્યો. એ વખતે એને દારૂ પીવાની ઈચ્છા હતી પણ પૈસા ન હતા. દિનુ બેઠો બેઠો લેસન કરતો હતો. કેશવને અચાનક ભાવનાની બચત યાદ આવી. એણે રૂમમાં ખાખાખોળા શરૂ કર્યા. ચોખાના ડબ્બામાં એને ભાવનાએ સંતાડેલા પૈસા મળ્યા. દિનુની નજર એના તરફ જ હતી. કેશવે એમાંથી ૬૦ રૂપિયા લીધા ને એ સીધો બસસ્ટેન્ડ તરફ ભાગ્યો.

બીજા દિવસે સવારે દૂધ લેવા જતી વખતે ભાવનાએ પોતાની બચત જોઈ. એમાં ૬૦ રૂપિયા ઓછા હતા. એને તરત દિનુ પર શંકા ગઈ કેમ કે એ જ ગઈકાલે આખો દિવસ ઘેર હતો.

એણે દિનુને ધમકાવ્યો. દિનુને ખબર હતી કે પપ્પાએ પૈસા લીધા છે પણ એ બોલ્યો નહીં. છેવટે ભાવનાએ સોટી લીધી ને દિનુને ફટકાર્યો. દિનુને બરડામાં સોળ ઊઠી ગયા. ભાવના તો દૂધ લેવા ચાલી ગઈ પણ કેશવે જોયું કે દિનુને આટલો માર પડ્યો છતાં એણે પોતાનું નામ ન લીધું! એ સવારે નિશાળમાં ગયો ત્યારે દિનુને એના મિત્રો ઘેરી વળ્યા. એને પડેલા માર વિષે પણ બધાને ખબર પડી ગઈ હતી. "દિનુ," એના મિત્ર શક્તિએ કહ્યું, "તું ગુજરાત ચાલ્યો જા, ત્યાં સારી કમાણી થશે. પૈસા ભેગા કરીને પાછો આવતો રહેજે. હું પણ ગુજરાત જ જવાનો છું." શક્તિની વાત દિનુને ગમી. આમ પણ દારૂડિયા બાપના લીધે પોતાને પડેલો માર હજી એને પીડતો હતો. એ જ સાંજે કેશવે ભાવનાને પોતાની પાસે બોલાવી."ભાવના," કેશવે કહ્યું, "તારા પૈસા દિનુએ નથી ચોર્યા, મારે દારૂ પીવો હતો ને મારી પાસે પૈસા નહોતા એટલે તારા પૈસામાંથી મેં ૬૦ રૂપિયા કાઢી લીધેલા. તને મારા પર શંકા ન આવી અને તેં



બિચારા દિનુને વગર વાંકે ઝૂડી નાખ્યો!"

ભાવનાની આંખોમાં આંસુ આવી ગયાં પણ એ કશું બોલી નહીં. રાત્રે ત્રણે સૂતાં પણ દિનુએ પોતાની થેલીમાં કપડાં ભરી લીધાં. પૈસા તો હતા નહીં એટલે પડશે એવા દેવાશે એમ નક્કી કરીને એ વહેલી પરોઢે સ્ટેશન પહોંચી ગયો. ટ્રેનમાં બિલાસપુર જઈને એ હાવડા મેલમાં બેસી ગયો. ટી.ટી.થી બચતો બચતો એ બીજા દિવસે ઉધના પહોંચી ગયો. એ સ્ટેશનની બહાર નીકળવાનું વિચારતો હતો પણ ગેટ પાસે ટી.ટી. અને પોલીસને જોઈને એ સ્ટેશનના છેડે એક બેન્ચ પર બેસી ગયો.

એને ભૂખ લાગી હતી પણ ખિસ્સામાં પૈસા નહોતા. ટ્રેનમાં તો આજુબાજુના ગુજરાતીઓએ એને ખવડાવેલું પણ અહીં કોણ ખવડાવે?

ધીમે ધીમે સાંજ ઢળતી ગઈ. એ બેન્ચ પર જ લાંબો થઈને સૂતો.

એ જ વખતે, ઉધનાના રામભક્ત હનુમાન મંદિરના પૂજારી ગામમાંથી કરિયાણું લઈને સ્ટેશન પર આવ્યા. એમનું ધ્યાન આ રૂપાળા બાળક તરફ ગયું. એમને લાગ્યું કે આ બાળક ભૂખ્યું છે, ને થાકેલું પણ છે.

"એ છોકરા," એમણે દિનુને જગાડયો, "ક્યાંથી આવે છે?"

દિનુ થોડી વાર તો ગુજરાતી સમજ્યો નહીં પણ પછી અટકળે એણે અર્થ બેસાડી દીધો.

"હું છત્તીસગઢના ચિરિમિરિ ગામથી આવું છું," દિનુએ હિન્દીમાં જવાબ આપ્યો, "મને કોઈ કામ મળશે?"

"બેટા," પૂજારી બોલ્યા, "હું તો મંદિરનો પૂજારી છું પણ હા, તને મારી સાથે રાખી શકું. તું ભગવાનની સેવાપૂજા કરજે ને મંદિરની સાફસફાઈનું કામ કરજે. મંદિરમાં લોકો જે પૈસા નાખે એ હવેથી તું લઈ લેજે, ચાલ, ઊભો થા, મંદિરે જઈને તારા ખાવાની વ્યવસ્થા કરીએ."

બન્ને લગભગ અડધા કલાકે મંદિરે પહોંચ્યા. મંદિર ઠીક ઠીક મોટું હતું ને બાજુમાં પૂજારીની ઓરડી હતી. સવારે ગામલોકોએ આપેલા રોટલી ને શાક એમના એમ પડ્યા હતાં એ પૂજારી રામદાસે દિનુને આપ્યા.

બીજા દિવસથી દિનુએ મંદિરની સફાઈ શરૂ કરી દીધી. હવે આખું મંદિર અને પટાંગણ ચોખ્ખુંચણાક થઈ ગયું. મંદિરના પટાંગણમાં ફૂલછોડ હતાં, એના પરથી ફૂલ તોડીને એક પ્લેટમાં દિનુએ પૂજારીને આપ્યા. પૂજારી એના ભક્તિભાવથી પ્રસન્ન થઈ ગયા.

બસ, એ પછી તો દિનુનું ગાડું ચાલ્યું. દર્શનાર્થીઓ પૈસા મૂકતા એ રામદાસ દિનુને આપી દેતા. ગામની સ્ત્રીઓ જમવાનું આપી જતી ને બદલામાં દિનુ ગામમાં એમના ઘેર જઈને એમનું કામ કરી આપતો. ગામની સ્ત્રીઓ દિનુની નિર્દોષતા અને ભોળપણના લીધે એને સાચવતી. ખાવાનું આપતી, પૈસા પણ આપતી. થોડા જ સમયમાં એ સ્ત્રીઓનો પ્રિય બની ગયો.

આવો નિર્દોષ છોકરો થોડા મહિનાઓમાં તો ગામમાં પણ પ્રિય બની ગયો. દિનુ ધીમે ધીમે ગુજરાતી બોલતા પણ શીખી ગયો.

એક વરસ તો એને આવ્યાને થઈ પણ ગયું. એને મમ્મી અને પપ્પા યાદ આવતાં પણ ન તો એની પાસે મોબાઈલ હતો કે ન તો એના પપ્પા પાસે એટલે એ માત્ર યાદ કરીને બેસી રહેતો. ચિરિમિરિનું બજાર, પર્વત પરથી નીચે દેખાતું દ્રશ્ય એને વારંવાર યાદ આવતું પણ ઈચ્છા હોવા છતાં એ પાછા જવા માટે અસહાય હતો.

એક સાંજે મંદિર માટે અગરબત્તી, દિવાસળીનાં પેકેટ, વીજળીનો બલ્બ ને ઘર માટે થોડું સીધુ લેવા રામદાસ

> **દિનુને ખબર હતી કે પપ્પાએ પૈસા લીધા છે પણ એ બોલ્યો નહીં. છેવટે ભાવનાએ સોટી લીધી ને દિનુને ફટકાર્યો. દિનુને બરડામાં સોળ ઊઠી ગયા. ભાવના તો દૂધ લેવા ચાલી ગઈ પણ કેશવે જોયું કે દિનુને આટલો માર પડ્યો છતાં એણે પોતાનું નામ ન લીધું!**

બજારમાં જવા નીકળ્યા. સાથે દિનુને પણ લીધો.

બન્ને કિરાણા સ્ટોર પાસે ઊભા હતા ત્યાં જ અચાનક દિનુનું ધ્યાન સામેની હોટેલના કાઉન્ટર પર ગયું. કાઉન્ટર પાસે ઊભેલો છોકરો એને પરિચિત લાગ્યો. એ દોડીને એની પાસે ગયો.

"અરે, શક્તિ," દિનુએ એને ભેટી પડતાં પૂછ્યું, "તું અહીં ક્યાંથી?"

"અલ્યા," શક્તિએ આશ્ચર્યથી એની સામે જોતાં કહ્યું, "હું તો અહીં આવવાનો જ હતો, મેં તને કહ્યું પણ હતું પણ તું અહીં ક્યાંથી?"

"હું બિલાસપુરથી હાવડા મેલમાં બેસી ગયેલો ને અહીં ઊતરી ગયો. સામે ઊભા એ પૂજારી રામદાસ સાથે મંદિરમાં રહું છું ને મઝા કરું છું પણ તું શું કરે છે?"

"આ હોટેલ મારા મામાની છે," શક્તિ બોલ્યો, "હું અત્યારે તો ફરું છું પણ પછી ક્યાંક નોકરીએ લાગી જઈશ. મામા લગાડી દેશે."

"મને મમ્મી-પપ્પા ખૂબ યાદ આવ્યાં છે," દિનુ બોલ્યો, "શું કરે છે બન્ને? મને યાદ કરે છે?"

"અરે," શક્તિ બોલ્યો, "તારા માટે તો સરસ સમાચાર છે. તારા ગયા પછી તારાં મમ્મી-પપ્પા તને ખૂબ યાદ કરે છે ને સાંભળ, તું ગયો એ જ દિવસે તારી મમ્મીએ તારા પપ્પાને કહ્યું કે, હવે જો તમે દારૂ પીશો તો હું મહામાયા માતાના દર્શન કરવા નહીં જાઉં. આ સાંભળીને એ જ સમયે તારા પપ્પાએ દારૂ તદ્દન છોડી દીધો! એમનું કામ કોલ માઈનમાં સારું હતું એટલે પગાર પણ વધ્યો ને હમણાં છત્તીસગઢ સરકાર તરફથી બે રૂમવાળા મકાન સાવ નજીવી કિંમતે ને એ પણ નજીવા હપ્તાથી ગોધરીપારા પાસે ફાળવાયાં, એમાં પણ તારા પપ્પાનો નંબર લાગી ગયો ને બન્ને નવા ઘરમાં રહેવા પણ ગયાં છે.

હવે તું જા ચિરિમિરિ."

દિનુ દોડતો રામદાસ પાસે ગયો ને ચિરિમિરિ જવાની વાત કરી. રામદાસે એને શાંતિથી સાંભળ્યો ને ભાડા માટે પૈસા આપ્યા. બીજા દિવસે ગામની સ્ત્રીઓને ખબર પડી કે દિનુ જાય છે એટલે દસેક સ્ત્રીઓ એને મળવા આવી. દરેકે દિનુને પૈસા આપ્યા. કેટલીકની આંખોમાંથી તો આંસુ સરી પડ્યાં.

એ જ રાત્રે દિનુ હાવડા મેઈલમાં બેસી ગયો ને ત્રીજા દિવસે ચિરિમિરિ પહોંચી ગયો. નવું ઘર પણ એણે શોધી કાઢ્યું.

ભાવના અને કેશવ તો એને ભેટી જ પડ્યાં. હરબિન્દો તુર્રાની જેમ ભાવનાની આંખોમાંથી પણ પાણી વહેવા લાગ્યું.

"મમ્મી," દિનુ બોલ્યો, "હું હમણાં સાવિત્રીમાના ઘેર જઈને કટહલ લઈ આવું છું, તું સાંજે એનું શાક બનાવજે. આજે તો તારા હાથનું કટહલનું શાક જ ખાવું છે."

"અરે બેટા," ભાવના બોલી, "તું હજી હમણાં આવ્યો છે, આજે આરામ કર, કાલથી બહાર નીકળજે."

"મમ્મી," દિનુ બોલ્યો, "હું બહાર નીકળવા તો અહીં આવ્યો છું, કાલે ઘેર બેસીશ. આજે તો કટહલ લઈ આવું ને મારા મિત્રોને મળતો આવું."

તરત જ દિનુ એના ભાઈબંધોને મળવા નીકળી પડ્યો. સાંજ સુધી એ મિત્રો સાથે રખડ્યો ને સાંજના સાવિત્રીમાને ઘેર ગયો. સાવિત્રીમા તો એને જોઈને જ ખુશ થઈ ગયાં.

"આવ આવ દીકરા," એમણે દિનુને બેસાડ્યો, "કટહલ તો તને આપીશ આજે પણ એક કામ કર મારું."

"શું કામ છે મા," દિનુ બોલ્યો, "કહો, અબઘડી કરી દઉં."

"આપણા કમ્પાઉન્ડમાં પાછળ કૂતરાઓએ ખાડો ખોદ્યો છે. તું પાછળ જઈને એ ખાડો પૂરી દે, બસ, એટલું કર. કદાચ રાત્રે હું ફરતી હોઉં તો ખાડામાં પડી જઈશ એવી બીક લાગે છે."

"એમાં કઈ મોટી વાત છે મા?" દિનુ બોલ્યો અને તરત જ ઊભો થઈને પાછળ ગયો. સાવિત્રીમા એને ખાડો બતાવીને કટહલ તોડવા ગયાં.

એક ખૂણામાં પાવડો પડ્યો હતો. ઉપયોગ ન થવાથી સાવ કાટ ખાઈ ગયેલો હતો પણ દિનુએ એનાથી જ ખાડો પૂરવાનું નક્કી કરીને પાવડો હાથમાં લીધો. એણે ખાડામાં નજર કરી તો ખૂણામાં એને એક સફેદ કપડાં જેવું દેખાયું. એ શું છે એ જોવા માટે એણે પાવડાથી ખાડાની અંદરની માટી થોડી ખોદી, તો સફેદ કપડાંની એક પોટલી દેખાઈ. એણે પોટલી ઊંચકી તો એને થોડી વજનદાર પણ લાગી.

પોટલી બાજુ પર મૂકીને એણે ખાડો પૂરવાની શરૂઆત કરી. આજુબાજુથી માટી લઈને એણે ખાડામાં નાખી ને થોડી વારમાં તો ખાડો પૂરાઈ પણ ગયો.

પોટલી લઈને એ સાવિત્રીમા પાસે ગયો. સાવિત્રીમાએ એને કટહલ આપ્યું.

"મા," દિનુ બોલ્યો, "ખાડામાં થોડે ઊંડે આ પોટલી હતી, એમાં ડબા જેવું કૈંક લાગે છે. લ્યો." એમ કહીને એણે પોટલી સાવિત્રીમા તરફ ધરી.

"ના બેટા," સાવિત્રીમા બોલ્યા, "મેં આવી કોઈ પોટલી ત્યાં દાટી નથી. હા, તારા પપ્પાના પરદાદાએ દાટી હશે. એ તમારી છે. મારાથી ન લેવાય. એમાં જે હોય એ તમારું છે. સાચવીને લઈ જા, ને તારા પપ્પાને આપજે."

દિનુ કટહલ ને પોટલી લઈને ઘેર આવ્યો. કેશવ પણ એ વખતે ઘેર જ હતો. દિનુએ કટહલ મમ્મીને આપ્યું.

"પપ્પા, મમ્મી," દિનુ બોલ્યો, "સાવિત્રીમાએ મને એમના કમ્પાઉન્ડનો ખાડો પૂરવાનું કહ્યું, તો ખાડાના ઊંડાણમાંથી આ પોટલી મળી, અંદર કૈંક ડબ્બા જેવું લાગે છે. સાવિત્રીમાએ કહ્યું કે, એ મારી નથી, તારા પરદાદાની છે, તું તારા પપ્પાને આપજે, એટલે હું લાવ્યો. હવે ખોલો, શું છે એ જોઈએ."

કેશવે બારણું બંધ કર્યું અને કપડાની પોટલી ખોલી. પોટલીનું કપડું જૂનું હતું એટલે ખોલતાં જ ફાટી ગયું ને અંદરથી પિત્તળનો એક ડબ્બો બહાર આવ્યો.

કેશવે ડબ્બો ખોલ્યો ને અંદર નજર કરતાં જ એની આંખે અંધારા આવી ગયા - પોટલીમાં બ્રિટિશ વખતની સોનાની એક એક તોલાની વીસ લગડીઓ હતી!

ત્રણેય જણા આ લગડીઓ જોઈને સ્તબ્ધ બની ગયાં. કેશવને લાગ્યું કે, અત્યાર સુધી આપણે અંધકારમાં જીવતાં હતાં, ગરીબી કાયમી લાગતી હતી, પણ હવે અજવાળું થયું!

ચિરિમિરિના બરતુંગા પહાડ પાછળ એ વખતે સૂર્ય આથમતો હતો!

(શીર્ષકપંક્તિઃ જયંત ડાંગોદરા)